સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

મિષ્ટાન - બેઠાડુ જીવનની નેટ છે ડાયાબિટીઝ,
જીભનો ચટકો, ભરપૂર - પેટ છે ડાયાબિટીઝ -
ભેટ છે અંધાપો, ગેંગરીન ને હુમલો હૃદય પર -
બેલગામ જિંદગી પર, વેટ છે ડાયાબિટીઝ...
(વિશ્વ ડાયાબિટીઝ દિન)

હાઈકુ

મોટું પ્રમેય,
ઉકલે ન કોઈથી -
મધુ-પ્રમેહ...

જીભે મિઠાસ -
તો જિંદગી કડવી,
વાવ્યું તે લણો...

ચિંતન

બિષત્યાગ વૈરાગ હૈ, સમતા કહીએ જ્ઞાન,
સુખદાયી સબ જીવ કો યે હી ભક્તિસમાન ॥

ઉપરોક્ત શ્લોક બૃહદારણ્યક ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

શુભ કર્મ કરનાર સારો થાય છે, સુખી સદાચારી ઘરમાં જન્મીને સુખી થાય છે, અને અશુભ કર્મવાળો પાપાત્મા, અશાંત અથવા દુઃખી બને છે.

પરમાત્મા સૃષ્ટિને રચીને જીવોને જુદી શુભાશુભ, સુખ તથા દુઃખથી ભરેલી યોનિમાં જન્માવે છે. તેની પાછળ જીવોનાં શુભાશુભ કર્મો રહેલાં છે. એ કર્મોને અનુલક્ષીને એમના પરિણામરૂપે જ જીવ સુખદુઃખની પ્રાપ્ત કરે છે.

ન્યાયાધીશના સારા-નરસા ચુકાદાની પાછળ એનો પક્ષપાત કે એની નિર્દયતા નથી હોતી, પણ કાયદો જ કામ કરે છે. તેવી જ રીતે પરમાત્મા કોઈ પ્રત્યે પક્ષપાત નથી કરતા કે નિર્દયતા પણ નથી બતાવતા. તે તો જીવોનાં કર્મોને જ ધ્યાનમાં રાખે છે.

સુવિચાર

- કેવી રીતે સેવા કરવી એનો અનુભવ ન હોય તો સેવાને બદલે કુસેવા થાય - **સરદાર પટેલ**
- દરેક નવા પ્રભાતે જીવો મોતના મુખમાં જઈ રહ્યા છે, છતાં પણ બચી ગયેલા લોકો અમર રહેવાની ઈચ્છા કરે છે તેનાથી વધુ આશ્ચર્ય શું હોઈ શકે - **મહાભારત**
- મેં જોયું કે દુનિયામાં સફળ થવા માટે માણસો ઉપરથી મૂર્ખ પણ વાસ્તવમાં બુદ્ધિમાન હોવું જોઈએ - **ચાર્લ્સ મોન્ટેક્યુ**
- તમે પોતે જ ખોદેલા ખાડામાં તમે પડો એ સર્વોત્તમ સમય છે કે જયારે તમે તમારી કાર્યકુશળતા યોગ્ય રીતે મૂલવી શકો - **સંત વર્ગીસ**
- તમે સંકુચિત મનોવૃત્તિના બનો છો, તેનું કારણ છે, તમને સચાવતી કોઈકને કોઈક પ્રકારની બીક - **અમૃતબિંદુ**
- આજના જમાનાની તાસીર : જેલના દરવાજા બંધ રહે છે, છતાં તે ખીચોખીચ ભરેલા જ રહે છે અને મંદિરના દરવાજા રાતદિવસ ઉઘાડા જ રહે છે છતાં તે ખાલીજ રહે છે - **હેમંતરાજ**
- આજનું ઔષધ : હરસ માટે ઈન્દ્રજવ છાશમાં નાખીને પીવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાના દરબારમાં સંત બેઠા હતા એ જ સમયે સંતનો શિષ્ય ત્યાં આવ્યો અને તે ગુસ્સામાં બોલ્યો, 'રાજન, અહીંના દુકાનદારો ખૂબ ખરાબ છે, હું આ સિક્કો લઈ સામાન ખરીદવા ગયો તો તેમણે કહ્યું તારો આ સિક્કો ખોટો છે. તું અમને છેતરે છે?' તું સંતનો શિષ્ય છે. એટલા માટે અમે તને જવા દઈએ છીએ. નહીં તો તને જેલમાં પૂરાવી દેતાં.' રાજાએ કહ્યું, 'લાવો મને બતાવો એ સિક્કો.' રાજાએ સિક્કો હાથમાં લીઈ કહ્યું,'ખરેખર આ સિક્કો ખોટો છે અને એવો સિક્કો ચલાવનારને હું સખત દંડ આપું છું.' સંતે રાજાને રોકતા કહ્યું, 'ભલે આ સિક્કો ખોટો રહ્યો. પણ તેના ઉપર આપની છાપ તો આંકેલી છે જ ને !' રાજાએ કહ્યું, 'હું બીજું કશું જ ન જાણું, બસ મારો સિક્કો સાચો હોવો જોઈએ. મારી છાપ હોય તો પણ ખોટો સિક્કો બનાવવો અને ચલાવવો તે મારા રાજયનો મોટો ગુનો ગણાય છે.' સંતે કહ્યું, 'રાજન, તમારું શાસન અન્યાયથી પૂરી રીતે મુક્ત નથી. તમે પણ નિર્દોષ ને સજા આપો છો અને યુદ્ધના નામે રક્તપાત કરો છો.' એવું કરવું શું ખોટા સિક્કા ચલાવવા સમાન ગુનો નથી.' રાજાને સંતની વાત સમજાઈ. તેમણે સંતને પૂછ્યું, 'તો હવે મારે શું કરવું જોઈએ ?' સંતે જવાબ આપતા કહ્યું, 'તમારે એવું સુશાસન સ્થાપવું જોઈએ કે જેથી તમારા શાસનમાં ખોટા સિક્કા ખતમ થઈ શકશે.'

વેલ બિગિનિંગ ઈઝ હાફ ડન

તંત્રીસ્થાનેથી...

મોદી સરકારની બીજી ઈનિંગની શરૂઆત ખૂબ જ આશાસ્પદ છે. ખાસ તો એમની વિદેશનીતિના મુદ્દે એ અગાઉના મોદી કરતાં સવાતા સાબિત થશે એમ લાગે છે. વિદેશોમાં પૂરતી પ્રતિષ્ઠા ધરાવતા વડાપ્રધાને નવી સરકારનું સુકાન સંભાળતાંની સાતે સૌથી નાના છતાં વ્યૂહાત્મક દૃષ્ટિએ ભારત માટે ખૂબ મહત્ત્વના એવા માલદીવથી કરી. હિંદુત્વના પ્રતીક પુરુષ ઈસ્લામિક રાષ્ટ્ર કિર્ગિસ્તાનમાં જઈને પણ પાકિસ્તાનના વડાપ્રધાન સાથે ઔપચારિક કોઈ જ ચર્ચા વિચારણા ન કરે તે ભારતના અક્કડ વલણની પ્રતીતિ કરાવે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત સાથે સુમેળ રાખવાની ગરજ પડી છે. એટલે એક તરફ ભારતીય વેપાર પર માઠી અસર થાય એવો કઠોર નિર્ણય કરે છે છતાં ભારતીય જનસમુદાયને રાજી રાખવા સતત પ્રયત્નશીલ છે. વીઝાનીતિમાં પણ કડકાઈ છતાં ભારતીયોને બહુ માઠી અસર ન થાય એવું વલણ દાખવે છે. ટ્રમ્પ વહીવટતંત્રના સેક્રેટરી ઑફ સ્ટેટ - વિદેશ મંત્રી પોમ્પિયો પાકિસ્તાનની મુલાકાત સદંતર ટાળીને અફઘાનિસ્તાનથી સીધા નવી દિલ્હી આવે છે એ સૂચક છે. અત્યાર સુધીના અમેરિકન પ્રમુખોએ ભારત-પાકિસ્તાન સાથે સમન સંબંધનો દેખાડો કર્યે રાખ્યો હતો બલકે પાકિસ્તાનની દેખીતી આડોડાઈ અને આતંકવાદીઓને અપાતા પ્રોત્સાહનથી વાકેફ છતાં અમેરિકા પાકિસ્તાન સામે પગલાં લેતાં અને એને અમેરિકા તરફથી મળતી મદદ અટકાવવામાં અટકાતું હતું. હવે ટ્રમ્પની વિદેશનીતિ બહુ જ સ્પષ્ટ છે. પાકિસ્તાનને એમણે કડક ચેતવણી આપી દીધી છે. આતંકવાદીઓના આકા મસૂદ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકવાદી ઘોષિત કરવાની પહેલ ખુદ અમેરિકાએ કરી અને ચીનને પણ આખરે એ મુસદ્દા પર સંમતિ આપવી પડી. મોદીએ પસંદ કરેલા નવા વિદેશમંત્રી યોગાનુયોગ ગુજરાતમાંથી જ ચૂંટાઈને રાજયસભામાં જઈ રહ્યા છે, એ ગુજરાત માટે ગૌરવની ઘટના ગણાશે. સૌથી અગત્યનાં ગણાતાં ત્રણ પદ ગુજરાતીઓ પાસે આવી ગયાં છે. મોદી તો વડાપ્રધાન તરીકે સર્વોચ્ચ નેતા છે જ; અમિત શાહ ગૃહમંત્રી બનતાં એ સીધા જ નંબર ટુ બની ગયા ગણાય. કહેવા ખાતર રાજનાથસિંહને બલે નંબર ટુ કહે, પરંતુ ગૃહખાતું સૌથી વધારે મહત્વનું ખાતું છે. એ જ રીતે વિદેશખાતું પણ પહેલાં ચાર મહત્ત્વનાં ખાતાં પૈકીનું ગણાય છે. સુષમા સ્વરાજે ગઈ ચૂંટણી વખતે 'સ્ત્રી હઠ' પકડીને એ ખાતું અંકે કર્યું હતું. તેઓ વિદેશમંત્રી તરીકે સફળ પણ રહ્યાં પરંતુ સિનિયોરિટીની લઘુતાગ્રંથિને લીધે વડાપ્રધાન સાથે એમની કેમિસ્ટ્રી મૅચ ન થઈ શકી. હવે જયારે એમની જગ્યાએ ઍસ. જયશંકર જેવા બ્યુરોક્રેટ ગોઠવાઈ ગયા છે ત્યારે વડાપ્રધાનને વિદેશનીતિના મામલે યોગ્ય નિર્ણયો લેવામાં સવિશેષ અનુકૂળતા રહેશે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નહીં લેખાય. વડાપ્રધાન હાલ જાપાન ખાતે વિશ્વનેતાઓ સાથે ગોષ્ઠી કરી રહ્યા છે. આગામી વર્ષોમાં દેશને વૈશ્વિક ઔળખ અપાવવા માટે જરૂરી એવી ભૂમિકા વડાપ્રધાને બીજી ટર્મ સંભાળતાંવેંત તૈયાર કરી દીધી છે. આપણે એમને અને એમના વિદેશમંત્રીને હાર્દિક શુભેચ્છા પાઠવીએ.

બુદ્ધિચાતુર્ય, પરાક્રમ, રાજનીતિ અને ધાર્મિકતાનો સમન્વય

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

કાન્યકુબ્જ બ્રાહ્મણ મહેશદાસ બીરબીલ (ઈ.સ. ૧૫૨૮-૧૫૮૩) તરીકે પ્રસિદ્ધ થયો. જયપુર પાસેનું ગામ આમેર. ત્યાં રાજા ભગવાનદાસ હતા. તે અકબરના મિત્ર હતા, વેવાઈ હતા. એમને પુત્રીને અકબર સાથે પરણાવી હતી. એની સભામાં બીરબલ રાજકવિ હતો. એમણે બીરબલને, અકબર પાસે ભેટ સ્વરુપમાં મોકલી આપ્યો.

પોતાના સદ્‌ગુણોને કારણે બીરબલ અકબરનો પ્રીતિપાત્ર થઈ પડ્યો. હવે તો એના નવ રત્નોમાં એનું સ્થાન સૌથી વધુ મહત્ત્વનું થઈ પડ્યું. એ રાજનીતિમાં અને મંત્રણાઓમાં નિપુર્ણ હતો. અકબર એની સલાહોને માન્ય રાખતો.એ બીરબલને પ્રેમથી 'રાજા બીરબલ' કહે, એ પરાક્રમી હતો. અકબરના સૈનિક અભિયાનોમાં સેનાપતિ સાઓથે જ હોય. અફઘાનો સાથેના યુદ્ધમાં વીરગતિને પામાયો. ભારે પરાક્રમથી લડતો હતો. પરંતુ છળકપટ અને વિશ્વાસઘાતનો ભોગ બન્યો. તેથી મૃત્યુ થયું. એનામાં ધાર્મિક ઉદારતા હતી. દર ગુરુવારે સાંજે ફતેહપુર સિક્રીના મહેલમાં એક ખંડમાં સર્વધર્મસભા થતી. બીરબલની એમાં નિયમિત હાજરી રહેતી.

આ બધા સદ્‌ગુણો હોવા છતાં એને સૌથી વધુ પ્રસિદ્ધિ એના બુદ્ધિચાતુર્યને કારણે મળી. એનામાં રમુજવૃત્તિ ભારોભાર હતી. ગંભીર પરિસ્થિતિને હળવાશથી લઈ

શકતો. સમસ્યા ગમે તેટલી જટિલ હોય - એ એનો ઉકેલ શોધી શકતો. અકબર સાથેના કેટલાંય પ્રસંગો લોખમુખે દંતકથાની જેમ ફરતા થઈ ગયા.

અહીં આવો એક પ્રસંગ આપ્યો છે.

અકબરની સભા એકવાર ચાલુ હતી. તેમાં કાવ્યનો વિષય નીકળ્યો સભાસદોએ કહ્યું -

'રામાયણ અને મહાભારત ઉત્તમ કાવ્યો છે. તેથી અમર છે. હવે એવાં કાવ્યો સર્જાઈ ન શકે, હવે એવા પરાક્રમી પુરુષો પણ રહ્યા નથી; જેની આજુબાજુ આવાં કાવ્યો રચાઈ શકે.'

આમાં એક ખુશામતખોર દરબારીએ બીરબલ માટે ઈર્ષ્યા રહેતી. એણે પ્રસ્તાવ મૂકી દીધો - 'આપણા બાદશાહ એવા જ પરાક્રમી છે. આ બીરબલ રાજકવિ છે. એ બાદશાહને નાયક બનાવીને રામાયણ અને મહાભારત બંને રચી શખે છે.'

અકબરને આ પ્રસ્તાવ ગમી ગયો. એણે બીરબલને આદેશ જ આપી દીધો. એક વરસ પસાર થઈ ગયું. અકબરે પૂછપરછ કરી. બીરબલે કહ્યું, 'બંને મહાકાવ્યોની રચના ચાલુ જ છે, પરંતુ મારે બેગમ સાહેબને પૂછવાનું છે.' બાદશાહે સંમતિ આપી. બીરબલે બેગમ સાહેબને પૂછ્યું - 'બાદશાહના આદેશથી લખવાનું ચાલુ છે, પરંતુ બંનેમાં ગૂંચ ઊભી થઈ છે,તે આપને લગતી છે. સીતાનું રાવણે અપહરણ કર્યું. દ્રૌપદીને પાંચ પતિ હતા. હવે આપની બાબતમાં મારે શું લખવાનું છે ?'

મહારાણીને ગુસ્સો થયો. - 'તમે બંને ભેગા થઈને, મને બદનામ કરી રહ્યા છો.' એણે બે દાસીઓને બોલાવી. બીરબલ પાસેથી બંને અધૂરા ગ્રંથો લઈ લીધા અને બળાવી નાખ્યા. માત્ર બીરબલ જાણતો હતો કે 'આ બે કોરા અને નકામા કાગળોની થપ્પીઓ છે.'

એક એણે અકબરને જાણ કરી. 'મારા અધૂરા ગ્રંથો બેગમ સાહેબાએ બાળી નાખ્યા.' અકબર સાનમાં સમજી ગયો. બીરબરને હસીને કહ્યું, 'ભૂલ મારી છે. દરબારીઓ તો ખુશામત કરે, મારે સ્વતંત્ર રીતે વિચાર કરવો જોઈએ. તને આવો આદેશ કરાય જ નહિ. હું એવો કથાનાયક પણ નથી. એવા અમર ગ્રંથો હવે લખી પણ ન શકાય.'

(આધાર - બીરબલ અને બીજા - જયોતીન્દ્ર દવે)

(ધ હિન્દુ - વેન્ડી ડોનિજર)

કામાખ્યાદેવી મંદિર કયાં આવેલું છે ?

ભારતનો સાંસ્કૃતિક વારસો

૧ 'અખંડ જયોતિ' પત્રિકા દ્વારા જીવન જીવવાની કળા શીખવનાર મહાપુરુષ કોણ છે ?
(અ) રજનીસ (બ) આચાર્ય શ્રીરામ શર્મા
(ક) પાંડુરંગ આઠવલે (ડ) શ્રી રંગઅવધૂત

૨ ગુજરાતમાં માતૃશ્રાદ્ધ સ્થળ કયાં આવેલું છે ?
(અ) સિદ્ધપુરમાં (બ) પાટણમાં
(ક) ગોતમીઘાટ (દ્વારકા) (ડ) શુક્લતીર્થ

૩ 'યોગ સૂત્ર' ના રચયિતા કોણ છે ?
(અ) ચરક (બ) શ્રૃસુત
(ક) ગોરખનાથ (ડ) મહર્ષિ પતંજલિ

૪ માગસર સુદ અગિયારસ કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) પતેતી (બ) દેવ ઊઠી એકાદશી
(ક) ગીતાજયંતિ (ડ) ઋષિ જયંતિ

૫ પંચમુખી શિવજી કયા સ્થળે બિરાજમાન છે ?
(અ) પશુપતિનાથ (બ) સોમનાથ
(ક) ગરૂડેશ્વર (ડ) કેદારનાથ

૬ મહાયાન અને હીનયાન કયા ધર્મના સંપ્રદાયો છે ?
(અ) પારસી ધર્મ (બ) બૌદ્ધ ધર્મ
(ક) હિન્દુ ધર્મ (ડ) ઈસાઈ ધર્મ

૭ ગણિપિટક કયાં ધર્મનો શાસ્ત્ર ગ્રંથ છે ?
(અ) બૌદ્ધ ધર્મ (બ) પારસી ધર્મ
(ક) યહુદી ધર્મ (ડ) જૈન ધર્મ

૮ 'પાંચ કરાર' કયા ધર્મ સાથે સંકળાયેલા છે ?
(અ) શીખ (બ) મુસ્લિમ
(ક) જૈન (ડ) હિન્દુ

૯ કયું શહેર પારસીઓનું કાશી કહેવાય છે ?
(અ) વલસાડ (બ) ચિખલી
(ક) ધરમપુર (ડ) ઉદવાડા

૧૦ 'તલગાજરડા' કયા મહાપુરુષનું જન્મસ્થળ છે ?
(અ) રમેશભાઈ ઓઝા (બ) મોરારિ બાપુ
(ક) ડોંગરેજી મહારાજ (ડ) પૂજય મોટા

૧૧ 'ટંકારા' કયા મહાપુરુષની જન્મભૂમિ છે ?
(અ) દયાનંદ સરસ્વતી (બ) નરસિંહ મહેતા
(ક) ઠક્કરબાપા (ડ) રવિશંકર મહારાજ

૧૨ દેલવાડાના દેરાં કયાં આવેલા છે?
(અ) અંબાજી (બ) બાલારામ
(ક) આબુ (ડ) વિજયનગર

૧૩ કામાખ્યાદેવી મંદિર કયાં આવેલું છે ?
(અ) જગન્નાથપુરી (બ) ગુવાહાટી (આસામ)
(ક) કન્યાકુમારી (ડ) કોલકાત્તા

૧૪ કયા સ્થળને ઈશ્વરનું પ્રવેશદ્વાર કહેવામાં આવે છે ?
(અ) બદરીનાથ (બ) કેદારનાથ
(ક) ગંગોત્રી (ડ) હરિદ્વાર

૧૫ કેરલમાં આવેલ ગુરુવાયુર કયા નામે જાણીતું છે ?
(અ) દક્ષિણની કાશી (બ) દક્ષિણની દ્વારકા
(ક) પુનિતધામ (ડ) મોક્ષનગરી

વિવિધા

ખજાનો
અનિલ પટેલ

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૨૮ જુન :**
- આમ પ્રજાથી માંડી રાજદરબાર સુધીની પ્રતિષ્ઠા પામનાર યુરોપના મહાન ચિત્રકાર પિટર પોલ રુબિન્ઝનો જન્મદિવસ (૧૫૭૭)
- ફ્રાન્સની ક્રાંતિના પ્રણેતા જિન જેક્સ રૂસોનો જન્મ દિવસ (૧૭૧૨)
- સૌ પ્રથમ ગુજરાતી સમાચાર પત્ર 'મુંબી સમાચાર' શરૂ થયું (૧૮૮૮)
- પૂર્વ વડાપ્રધાન નરસિંહરાવનો જન્મદિવસ (૧૯૨૧)
- **૨૯ જુન :**
- સંતવાણીના સમ્રાટ નારાયણ સ્વામીનો જન્મ દિવસ (૧૯૩૮)
- 'બંગાળના વાઘ' અને દેશભક્ત સર આસુતોષ મુખરજીની જન્મજયંતિ (૧૮૬૪)
- એપલ કંપનીએ પહેલો આઈફોન લોન્ચ કર્યો (૨૦૦૭)
- પ્રખ્યાત બંગાળી કવિ માઈકલ મધુસૂદન દત્તનું નિધન (૧૮૭૩)
- **૩૦ જુન :**
- 'હિન્દના દાદા' નું બિરુદ મેળવનાર સ્વરાજની લડતમાં પ્રાણ પુરનાર દાદાભાઈ નવરોજીનું નિધન (૧૯૧૭)
- બ્રિટને હોંગકોંગ ચીનને સોંપ્યુ (૧૯૯૭)
- ભારતમાં પ્રથમ ટેક્સટાઈલ મિલ નાખનાર પારસી ઉદ્યોગપતિ સર દિવાનજી માનેકજી પેટ્ટિનો જન્મદિવસ (૧૮૨૩)
- બંગાળી રંગભૂમિના અભિનય સમ્રાટ શીશીરકુમાર ભાદુડીનું નિધન (૧૯૫૯)
- **૧ જુલાઈ : ડોક્ટર દિવસ**
- નૂતન બંગાળના સર્જક ડૉ. વિદ્યાનચંદ્ર રાયનો જન્મદિવસ (૧૮૮૨)
- મૈસુરના નવાબ હૈદર અલી અને અંગ્રેજો વચ્ચે 'પાર્ટોનોવાનું યુદ્ધ' થયું (૧૭૮૧)
- ગુજરાતના મૂક સેવક પૂજ્ય રવિશંકર મહારાજનું અવસાન (૧૯૮૪)
- દેશમાં પ્રથમ સાયન્સ સિટીનું કોલકાત્તામાં ઉદ્‌ઘાન થયું હતું (૧૯૯૭)
- **૨ જુલાઈ :**
- હોમીયોપથી ઉપચાર પદ્ધતિના શોધક ડૉ. સેમ્યુઅલ હાલેમાનનું નિધન (૧૮૪૩)
- વિશ્વ વિખ્યાત સાહિત્યકાર અર્નેસ્ટ હેમિંગ્વેનું નિધન (૧૯૬૧)
- ક્રાંતિકારી નેતા સુભાષચંદ્ર બોઝની કલકત્તામાં ધરપકડ થઈ (૧૯૪૦)
- ભારત-પાકિસ્તાન વચ્ચે સિમલા કરાર પર હસ્તાક્ષર થયા (૧૯૭૨)
- **૩ જુલાઈ :**
- શિક્ષણક્ષેત્રે પ્રકૃતિવાદી વિચારસરણીને ક્ષમતાપૂર્વક જગત સમક્ષ મુકનાર 'જિન જેક્સ રૂસો' નું નિધન (૧૭૭૮)
- ભારતીય ખેલાડી હરભજનસિંહનો જન્મદિવસ (૧૯૮૦)
- અમેરિકાના નૌકાદળોએ હૈટી દેશ પર કબ્જો કર્યો (૧૯૧૫)
- વિકિલિક્સના સ્થાપક જુલિયસ અસાંજેનો જન્મદિવસ (૧૯૭૧)
- **૪ જુલાઈ : અમેરિકાનો સ્વતંત્ર દિવસ**
- લોકસેવક પ્રભુલાલ દવેનો જન્મદિવસ (૧૯૧૬)
- સ્વામી વિવેકાનંદની પુણ્યતિથિ (૧૯૦૨)
- વિષ્ણુ પ્રસાદ ર. ત્રિવેદીની જન્મજયંતિ (૧૮૯૯)
- શિવકુમાર ગિરજાશંકર જોષીની પુણ્યતિથિ (૧૯૮૮)

ગત સપ્તાહના સવાલનો જવાબ

લોકસભાના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
જવાબ : ઓમ બિરલા

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) મહેશ. એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૭) રૂચિત એ. પટેલ : ધોળેશ્વર મહાદેવ પાસે, ગાયત્રી રેસી. (૮) દુર્ગેશ એસ. પટેલ : સે-૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ચંદ્રાબાબુ નાયડુની પાર્ટીનું નામ શું છે આ પાર્ટીનીસ્થાપના કોણે કરી હતી ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ઐસી (હી) ભી બાતેં હોતી હૈ !

હળવે હૈયે
પ્રકાશ લાલા

જેમ કપાળે તિલક જોઈ અંદાજ આવી જાય કે 'ભક્ત' કયા સંપ્રદાયના છે, ગૂંબજ પર ફરકતી ધજા જોઈને ખબર પડી જાય છે કે કયા દેવ-દેવીનું મંદિર છે, વિદ્યાર્થીનો યુનિફોર્મ એની સ્કૂલની ઓળખ આપી જાય છે... બસ એ જ રીતે ભૂવા, ખાબોચિયાં, કાદવ-કિચડ, મચ્છર વગેરે શબ્દો કાને પડતાંવેંત જ 'ચોમાસું' બેસી ગયાથી આપણને જાણ થઈ જાય છે, પછી ભલેને વરસાદે હજી આપણને ભીંજવ્યા કે પજવ્યા ન હોય !!

એવું કહેવાય ને મનાય છે કે પેલા 'ભૂવા' ભૂત-પ્રેતને ભગાડે છે, પોતે ધૂણે ને વળગાડવાળી વ્યક્તિને ધૂણાવે છે. જયારે ચોમાસાના 'ભૂવા' એનાથીય પાવરફુલ હોય છે. આ 'ભૂવા' રાહદારીઓને પોતાનામાં સમાવી લે છે. ('ધરતી માર્ગ આપે તો સમાઈ જાઉં' એવું ન કહ્યા છતાંય !!), પ્રજાને પરેશાન કહરે છે અને તંત્રને જબરજસ્ત ધૂણાવે-દોડાવે છે, ઉંઘ હરામ કરી દે છે... (જો કે ઘણા કિસ્સામાં ફરિયાદો -જનતાની બૂમો છતાં દિવસો સુધી તંત્રના પેટનું પાણી ય હાલતું નથી એ વાત જુદી છે...)

ઋતુ ઋતુએ અકબારોની 'હેડલાઈન્સ' જોઈએ તો એક સરખી જ વાંચવા મળશે. ઉનાળામાં 'ગરમીનો પારો ૪૮° પહોંચ્યો...'
'હીટવેવથી પ્રજા ત્રાહિમામ....', 'ગરમીના પારો વધવા સાથે બજારમાં ઠંડા પીણાં, પંખા, એરકૂલર, એ.સી.ના ઉપાડમાં વધારો...'

તો દર 'મોન્સૂન'માં રીપોર્ટર આંખ મીંચીને 'પહેલાં જ વરસાદમાં બધું જળબંબાકાર... નવા જ બનાવેલા રોડમાં પડેલા ભૂવાએ સરકારી તંત્રની 'પોલ' ખોલી નાખી... 'સ્ટ્રોમ વોટર લાઈન પાછળ ખર્ચેલા લાકો રૂપિયા ગયા પાણીમાં ...!' એવા 'હેડીંગ્સ' નીચે 'ન્યૂઝ' લખી નાખે તો ય 'હન્ડ્રેડ પર્સન્ટ' સાચા જ પડવાના... કેમ કે જે કામો થતાં હોય છે એમાં હોય છે. સૌનો સાથ, સૌનો વિકાસ!!

માળું એ સમજાતું નથી કે પ્રિ-માન્સૂન તૈયારી માટે મીટીંગો - સૂચનોને સૂચનાઓ છતાં વાત 'ઠેરની ઠેર' કેમ રહે છે? શું આ જ હશે વિકાસ ? અલબત્ત, લાલાકાકા જેવા પોઝિટિવ પર્સન આ વાતને જરા જુદી રીતે મૂલવતાં સમજાવે છે કે, 'સર્જન અને વિસર્જન એ તો છે કમ કુદરતી... એ ફૂટે તો જ નવું બનેને ? અને ભાઈ, 'બધા'ને રોજી-રોટી મળતી રહે એ માટે ય આ જરૂરી નથી ?

જેમ 'મૌસમ' પૂર્વે મૌસમ સાથે સંકળાયેલા શબ્દો - ચિત્રો જોવા મળે છે... એ રીતે હવે તો માર્કેટમાં ફ્રૂટ્સ જોઈને ખબર પડી જાય છે કે હવે કઈ ઋતુ આવી રહી છે... ને સ્ટોર્સ - દુકાનોમાં 'આઈટેમ્સ' ખડકાતી જોઈ ખ્યાલ આવે છે કે કયો તહેવાર હવે આપણે ઊજવવાનો આવશે !! અગાઉ તો સીઝન શરુ થાય પછી જે તે સીઝનનાં ફળો વેચાવા આવતાં... હવે જે તે સીઝનમાં ફ્રૂટસ પહેલાં આવી જાય છે ને સીઝન એને પગલે પગલે આવે છે... જેમ કે એવી ગરમી શરુ થઈ ન હોય - ઉનાળો બેઠો ન હોય ને લારીઓમાં તડબૂતને ટેટી ને કેસીઓ મળવા માંડે છે, કુદરતી રીતે પાકેલાં નહીં પણ 'કેમિકલની કમાલવાળા, ફળો...સીઝનનાં ફળો ખાવાની મોજ તો સીજન જામે ત્યારે જ આવે છે... પણ ઘણાં સંપન્ન માણસો બારેમાસ 'ઓફ સીઝન' માંય ફ્રૂટસ ને શાકભાજી ખાવાનો શોખ ધરાવતા હોય છે... એમને એમાં શું મજા પડતી હશે એ આપણને કઈ રીતે સમજાય ?' કેમ કે એમના મતે આપણે 'ખાખરાની ખિસકોલી, સાકરનો સ્વાદ ન જાણીએ...'

હોળી - ધૂળેટી, દિવાળી, ઉત્તરાયણ તહેવારોના કેટલાય દિવસો પૂર્વે બજાર રંગો-પીચકારીઓ, દારુખાનુ ને પતંગ-ફિરકીઓથી ઉભરાવા માંડે પણ... ને એ જોઈ યાદ આવે છે કે 'ઓ-તારી, લે હોળી આવી.... દિવાળી આવી...'

અમારા લાલાકાકા આ વાતને પણ સકારાત્મક રીતે લેતાં કહે છે કે, 'એ તો એવું છે ને ભાઈ, કે આજકાલના દોડધામભરી, અતિ વ્યસ્તને ભારે ત્રસ્ત જિંદગીમાં આપણને તહેવાર યાદ ન રહે તે માટે ઉત્પાદકો - વેપારીઓ વહેલાં પહેલાં બધું 'ડિસ્પ્લે' કરી યાદ અપાવતા રહે છે... આપણા લાભાર્થે આવું કરતાં વેપારીઓનો તો 'આભાર' માનવો રહ્યો...

એક રીતે જોઈએ તો 'પોઝિટિવ એપ્રોચ' જ જીવનમાં સુખ - શાંતિ પ્રાપ્તિ અર્થે જરૂરી છે... તમે શું કહો છો ?